

# ડીસામાં આબુના ગુરુ શિખર જેવો માહોલ

ડીસા શહેરમાં વહેલી સવારે એકાએક વાતાવરણમાં પલટો આવતાં શહેરમાં ગાઢ ધુમ્મસભર્યું વાતાવરણ બની જતા સર્વત્ર અંધકાર છવાઈ ગયો હતો. જેથી લોકોને ચાલવામાં તેમજ વાહનોને લાઈટ ચાલુ કરવાની ફરજ પડી હતી જેને લઈ લોકોએ ઘર આંગણે માઉન્ટ આબુના ગુરુશિખર જેવો માહોલ અનુભવ્યો હતો. શિયાળાની ઠંડીની મોસમેં અચાનક મિજાજ બદલતા એકાએક વાતાવરણમાં પલટો આવતા શહેરમાં ધૂમમ્સ અને ગાઢ વાદળો જમીન ઉપર ઉતરી આવ્યા હતા જેની સાથે ઠંડીનું જોર વધી પડતા જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ઉઠ્યું હતું. જો કે બપોર બાદ વાદળા વિખેરાતાં હરકોઈએ હાશકારો અનુભવ્યો હતો.

# મોત સામે ઝઝૂમતો રીક્ષાચાલક

## બેકાબુ ટ્રક-કન્ટેનર પલટી રીક્ષા પર ખાબક્યુ, કલાકો સુધી રીક્ષા ચાલક કન્ટેનર નીચે દટાયેલો રહ્યો, સીસીટીવીમાં કેદ

અરવલ્લી જીલ્લામાં ભારવાહક વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકરતા હોવાથી છાસવારે ગમખ્વાર અકસ્માતની ઘટનામાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવે છે. મોડાસાના હજીરા વિસ્તારમાં સર્જાયેલ વીચીત્ર અકસ્માતની ઘટના બની હતી, જેમાં શામળાજી તરફથી આવી રહેલ ટ્રક-કન્ટેનર ચાલકે કાબુ ગુમાવતા ટ્રક-કન્ટેનર પલ્ટી ગયા બાદ ટ્રકમાંથી કન્ટેનર છૂટી પડી રીક્ષા પર ખાબકતા રીક્ષાનો કડૂચાલો વળી ગયો હતો. રીક્ષાચાલક કન્ટેનર નીચે દટાતા લોકો દોડી આવ્યા હતા. રીક્ષા ચાલકને કન્ટેનરની નીચેથી લોકોએ કલાકોની મહેનત બાદ મહામુસીબતે લોકોએ બહાર કાઢ્યો હતો. રીક્ષા ચાલક કલાકો સુધી મોત સામે ઝઝૂમ્યો હતો, બેકાબુ ટ્રકે રોડ નજીક પાર્ક કરેલી સ્કોર્પિઓ સહીત અન્ય કારને પણ અડફેટે લેતા ભારે નુકશાન થયું હતું સદ્‌નસીબે જાનહાની ટળી હતી.



મંગળવારે સવારે સતત વાહનો અને રાહદારીઓથી ધમધમતા મોડાસા-શામળાજી હાઈવે પર હજીરા વિસ્તારમાં બનેલ અજીબો ગરીબ અકસ્માતમાં લોકોની અવર-જવર ઓછી હોવાથી મોટી જાનહાની ટળી હતી. શામળાજી તરફથી આવતા ટ્રક-કન્ટેનર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક-કન્ટેનર બેકાબુ બન્યું હોવાનું રોડ પરથી પસાર થતો રીક્ષા ચાલક જોતા મોત સામે જોઈ રીક્ષા ચાલકે બ્રેક મારી દીધી હતી. ટ્રક ડિવાઈડર કુદાવતા પાછળ રહેલ કન્ટેનર છૂટું પડી રીક્ષા પર ખાબકતા રીક્ષાનો કડૂચાલો વળી ગયો હતો. રીક્ષા ચાલક કન્ટેનર નીચે દટાઈ જતા ભારે હોહા મચી હતી. રીક્ષાચાલકને બચાવવા લોકોએ ભારે જહેમત બાદ કન્ટેનર નીચેથી બહાર કાઢ્યો હતો. સમગ્ર અકસ્માત સીસીટીવીમાં કેદ થયો હતો સામે આવેલા સીસીટીવી જોઈને ભલભલા ધ્રુજી જાય તેવા દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા હતા.



ટ્રક કન્ટેનરમાં ભરેલ પેપર રોલ ગગડીને આગળ નીકળી ગયા હતા. આ દરમિયાન અહીં પાર્ક કરેલી કારને પણ નુકસાન થયું હતું.

# મહેસાણાની દૂધ સાગર ડેરીની ચૂંટણીમાં ૯૯ ટકા મતદાન

મહેસાણા, તા. ૫

મહેસાણા ખાતે આવેલ દૂધ સાગર ડેરીના સંચાલક મંડળની ૧૫ બેઠકો માટે આજે યોજાયેલ ભારે રસાકસીભરી અને પ્રતિષ્ઠાના જંગ સમાન ચૂંટણીમાં બપોર સુધીમાં ૯૯ ટકા જેટલુ મતદાન થયુ હતુ.

મહેસાણા દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન અને માજી ગૃહપ્રધાન વિપુલ ચૌધરી અને મહેસાણા પાલિકાના પૂર્વ પ્રમુખ અશોક ચૌધરી બંને જૂથો વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. ડેરીમાં સત્તા કબજે કરવા માટે બંને જૂથોએ એડીચોટીનું જોર લગાવ્યુ હતુ. દરમિયાન આજે કુલ ૧૫ બેઠકો માટે યોજાયેલ ચૂંટણીમાં કુલ ૪૧ ઉમેદવારો જંગમાં છે. જેઓનો ભાવિનો ફેસલો ૧૧૨૯ મતદારો કરશે. આજે યોજાયેલ ચૂંટણીમાં બપોર સુધીમાં ૯૯ ટકા જેટલુ મતદાન થયુ હોવાનું જાણવા મળેલ છે. મતદાન સમયે ચૂંટણી અધિકારી દ્વારા અપાયેલ કાર્ડ રદ કરવાના મુદ્દે વિપુલ ચૌધરી જૂથના સમર્થકોએ ગંભીર આક્ષેપો કર્યા હતા. સ્થાનિક વર્ધમાન વિદ્યાલયમાં આજે મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરીનું કામ હાથ ધરાશે અને મોડી સાંજે ચૂંટણી પરિણામ જાહેર થશે. મતગણતરીને આડે હવે ત્રણેય કલાકનો સમય બાકી રહ્યો છે ત્યારે ચૂંટણી પરિણામ જાણવા માટે ચૂંટણી લડી રહેલ બંને જૂથો સહિત આમ જનતામાં ભારે ઉત્સુકતા જોવા મળી છે. હાલ બંને જૂથો જીતનો દાવો કરી રહ્યા છે.

# હિંમતનગર નાગરિક બેંકની ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત

## પ્રથમ દિવસે ૫૪ ઉમેદવારીપત્રોનું વિતરણ, ૧૫ ઉમેદવારીપત્રો ભરાયા : નાગરિક બેંકની ચૂંટણી રસાકસી ભરી રહેવાના એંધાણ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગર ખાતે સેવા આપતી અને વેપારીઓની બેંક તરીકે ઓળખાતી હિંમતનગર નાગરિક બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદ ઉમેદવારી પત્રો ભરવાના પ્રથમ દિવસે એટલે કે મંગળવારે ચૂંટણી લડવા માંગતા ટેકેદારો અને મુરતીયાઓએ લગભગ ૫૪ ઉમેદવારી પત્રો બેંકમાંથી લઈ ગયા છે. જોકે બપોરે ચાર વાગ્યા સુધીમાં ૫૪પૈકી ૧૫ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભરીને બેંકના ચૂંટણી અધિકારીને સુપ્રત કરી દીધા છે.

આ અંગે નાગરિક બેંકના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આગામી તા.૧૦ જાન્યુઆરીએ યોજાનાર બોર્ડ ઓફ ડીરેક્ટરર્સની સામાન્ય વિભાગની ૧૦, અનુસુચિત જાતિની ૧ જયારે મહિલા અનામતની પણ ૨ બેઠક છે. દરમિયાન મંગળવારથી ઉમેદવારી પત્રો ભરવાનું જાહેરનામામાં જણાવાયા મુજબ સવારથી જ બેંકમાં કેટલાક ઉમેદવારો તથા તેમના ટેકેદારોએ ફોરમ લેવાનું શરૂ કરી દીધુ હતું. ત્યારબાદ બપોરે ચાર વાગ્યા સુધીમાં ૫૪ ઉમેદવારી પત્રોનું વિતરણ થયુ હતું. જે પૈકી ચૂંટણી લડવા માટે નક્કી કરેલા ૧૫ ઉમેદવારોએ પ્રથમ દિવસે જ ઉમેદવારી પત્રોમાં વિગતો ભરીને બેંકના ચૂંટણી અધિકારીને આપી દીધા છે. જોકે બુધવારે પણ ઉમેદવારી પત્રો ભરવાની મુદત હોવાથી કેટલા ઉમેદવારો ચૂંટણીમાં ઝંપલાવશે તે માટે હાલ તો થોભો અને રાહ જુઓ મુજબ ધીરજ રાખવી પડશે. સાથોસાથ ભરાયેલા ઉમેદવારી પત્રોમાંથી કેટલાક લોકો પોતાની ઉમેદવારી પરત ખેંચશે તે અંગે પણ હાલ કહી કઈ શકાય નહી. તેમ છતા હિંમતનગર નાગરિક સહકારી બેંકની ચૂંટણીનું મહત્વ લોકોસભા અને વિધાનસભાની ચૂંટણી કરતા સહેજ પણ ઓછુ નથી.

# સાબરકાંઠામાં કોરોના કાબુમાં નવા પાંચ કેસ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી કોરોના કાબુમાં આવી રહ્યો હોય તેમ લાગી રહુ છે દરમિયાન મંગળવારે જિલ્લામાં કોરોના પોઝેટીવના ફક્ત પાંચ કેસ નોધાયા હોવાનો આરોગ્ય વિભાગનો દાવો છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ મંગળવારે જે નવા પાંચ કેસ નોધાયા છે તેમાં હિંમતનગરની રોયલપાર્ક સોસાયટીમાં ૬૦ વર્ષિય પુરૂષ, શાસ્ત્રીનગરમાં ૨૯ વર્ષિય મહિલા, મોતીપુરામાં ૫૬ વર્ષિય પુરૂષ તથા હિંમતનગર તાલુકાના નિકોડા ગામમાં રહેતા ૨૫ વર્ષિય મહિલા કોરોનામાં સપડાઈ ગયા છે. તેજ પ્રમાણે ઈડર તાલુકાના ચોરીવાડ ગામે પણ ૪૪ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. જિલ્લામાં તા.૫ જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૯૪૦ થયો છે. તેમાંથી ૧૮૪૨ લોકો સાજા થયા છે. એટલે હાલ એક્ટીવ કેસની સંખ્યા ૬૩ થવા જાય છે.

# એલસીબી પોલીસે ભિલોડા સાંઈ હોટલમાં દારૂ ભરી પહોંચેલી આઈ-૨૦ કારમાંથી દારૂ સાથે મહિલા બુટલેગરને દબોચી

રાજયમાં દારૂબંધી હોવા છતાં પરપ્રાંતમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો હોવાની સાથે મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો વેપલો થઈ રહ્યો છે. ભિલોડા નજીક આવેલી સાંઈ હોટલ માલિક રમેશ વણઝારા વર્ષોથી પોલીસની મીલીભગતથી વિદેશી દારૂનો ઠેકો ચાલતો હોવાનું જગજાહેર છે. સાંઈ હોટલમાં વિદેશી દારૂની ડીલેવરી કારમાં થતી હોવાની બાતમી એલસીબી પોલીસને મળતા છેલ્લા કેટલાક સમયથી વોચ ગોઠવી હતી. આઈ-૨૦ કારમાં યુવક-મહીલા દારૂની ડીલેવરી આપવા પહોંચતા એલસીબી પોલીસ ત્રાટકી હતી. પોલીસ જોઈ કાર ચાલકે હોટલ પાછળ કાર કોતરોમાં દોડાવી મૂકી કાર ચાલક ફરાર થઈ ગયો હતો, જયારે મહિલાને ઝડપી લઈ કારમાંથી ૯૩ હજારનો દારૂ જપ્ત કર્યો હતો



શ્રીનાથ ટ્રાવેલ્સની લકઝરીમાં વિદેશી દારૂની ખેપ મારતા ડ્રાઈવર અને ક્લીનરને ૧૦૮ બોટલ સાથે દબોચી લીધા હતા.

અરવલ્લી જીલ્લામાં એસપી સંજય ખરાતના આગમન પછી દેશી વિદેશી દારૂની બદી પર પોલીસ અંકુશ મેળવવા સતત દોડી રહી છે. અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમારને ભિલોડા નજીક આવેલી સાંઈ હોટલમાં નામચીન બુટલેગર રમેશ વણઝારા ખુલ્લેઆમ શરાબનો વેપલો કરતો હોવાની અને કારમાં વિદેશી દારૂનો જથ્થો હોટલમાં ઠલવાતો હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે સાંઈ હોટલની આજુબાજુમાં ધામા નાખી દીધા હતા ત્યારે આઈ-૨૦ કારમાં વિદેશી દારૂ ભરી યુવક અને મહિલા બુટલેગર પહોંચતા પોલીસે કારને અટકવાનો પ્રયત્ન કરતા કાર ચાલકે હોટલની પાછળના ભાગે કાર ભગાડતા કારનો પીછો કરતા કાર ચાલક કોતરોમાં નાસી ગયો હતો. કારમાં રહેલી ભાણમેરની મહિલા કૈલાશ મહેશ કલાસવાને ઝડપી પાડી કારની તલાસી લેતા કારમાંથી ૯૩ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડી કાર, વિદેશી દારૂ, મોબાઈલ મળી કુલ રૂ. ૫૯૫૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અમદાવાદ-ઉદેપુર હાઈવે પર એલસીબી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોંની તાપસ હાથ ધરી હતી. શ્રીનાથ ટ્રાવેલ્સ



લખેલી લકઝરીને બસ અને ડેકીમાં તલાસી લેતા ડેકીમાં પ્લાસ્ટિકના કોથળામાં છૂટી બોટલ નંગ-૧૦૮ કી. રૂ.૫૪૦૦૦ મળી આવતા પોલીસે લકઝરી બસ ચાલક સુભાષ હુકારામ જાટ અને ક્લીનર ઘનશ્યામ રામેશ્વરલાલ મેઘવાલની ધરપકડ કરી લકઝરી બસ, મોબાઈલ અને વિદેશી દારૂ ઝડપી તપાસ હાથ ધરી હતી.

# ખેડૂતોએ રાત્રીના પાણી વાળવા ઉજાગરા નહીં કરવા પડે, ‘કિસાન સૂર્યોદય યોજના’’નો બાયડ ખાતે પ્રારંભ

બાયડ, તા. ૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બાયડ ખાતે ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે પ્રથમ તબક્કામાં ‘કિસાન સૂર્યોદય યોજના’ અંતર્ગત અરવલ્લી જીલ્લાના ૧૦૪ ગામોમાં યોજનાનો લાભ મળે તે માટે શુભારંભ કરવામાં આવ્યો હતો. કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત વધુ સમૃદ્ધ બનશે. કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત બમણી આવક મેળવશે, વધુ સમૃદ્ધ બનશે. ખેડૂતોને દિવસે વીજળી મળતા હવે હેરાન નહીં થવુ પડે. ખેડૂત રાત્રે વિશ્રામ અને દિવસે કામ થકી વધુ સમૃદ્ધ બનશે તેવું તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

સમૃદ્ધ બનશે. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત ભારતનું રોલ મોડલ છે, છેલ્લા બે દાયકાથી વિવિધ પ્રોજેક્ટ દ્વારા ગુજરાત વિકાસનો પર્યાય પુરવાર થયું છે, નવા વર્ષના આરંભે ખેડૂતો માટે કિસાન સૂર્યોદય યોજનાની શુભ શરૂઆત થઈ છે. પાણી, વીજળી ખેડૂતની તાકાત છે, ખેડૂત સમૃદ્ધ થશે તો ગામડા સમ્રુદ્ધ થશે અને ગામડા સમ્રુદ્ધ થશે તો શહેરો સમૃદ્ધ થશે. રાજ્ય સરકારે પાણી વીજળી માટે સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે આવનારા દિવસોમાં કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત બમણી આવક મેળવશે અને વધુ સમૃદ્ધ બનશે ખેડૂતો પોતાની જમીનમાં સોલાર વીજ પ્રોજેક્ટ શરૂ કરી અન્નદાતા હવે ઉર્જાદાતા પણ બની ગયા છે, અગાઉની સરકારે ખેડૂતો માટે ક્યારે કોઈ યોજનાઓ મૂકી નથી. ખેડૂતોની છેલ્લા ઘણા સમયથી દિવસે વીજળી આપવાની લાગણી અને માગણી પૂરી કરતા ખેડૂતોને દિવસે વિજળી મળતાં હવે હેરાન થવું પડે નહીં, ખેડૂત પોતાની શક્તિ ઉર્જાથી વધુ ઉત્પાદન કરશે અને રાત્રે વિશ્રામ અને દિવસે કામ થકી ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે. ખેડૂતોને દિવસે વિજળી મળતાં ના ઉજાગરા વન્ય જીવ જંતુના ભય કડકડતી ઠંડી અને ચોમાસામાં પડતી મુશ્કેલીથી કાયમ માટે મુક્તિ મળશે.

આ પ્રસંગે ઊર્જામંત્રી સૌરભભાઈ પટેલે પણ જણાવ્યું હતું કે આ યોજના માટે ૩૫૦૦ કરોડના ખર્ચે ૬૬ કે.વી ની ૩૪૯૦ સર્કિટ કિ.મી. જેટલી ૨૩૪ નવી ટ્રાન્સમિશન લાઈનો તથા ૨૨૦ કે.વી. ના ૯ નવા સબ સ્ટેશનો થકી ગુજરાતનું વીજ માળખું સુદ્રઢ કરાશે. આ પ્રસંગે રાજ્યમંત્રી રમણભાઈ પાટકર, સાબરકાંઠા સંસદ સભ્ય દીપસિંહ રાઠોડ હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતો માટે ક્રાંતિ લાવનાર ઐતિહાસિક નિર્ણય છે.




અરવલ્લી જિલ્લાના ૧૦૪ ગામ માટે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ૨૪ ઓકટોબર-૨૦૨૦ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કિસાન સૂર્યોદય યોજના કાર્યરત કરવામાં આવી હતી તેમણે કહ્યું હતું કે આવનારા દિવસોમાં કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂત વધુ શકે છે છેલ્લા ત્રણ વર્ષનું મા પીજીવીસીએલ દ્વારા દર વર્ષે દોઢ લાખ કનેક્શન આપવામાં આવી રહ્યા છે.

અગાઉની કોંગ્રેસ સરકાર પર ચાબખા મારતા જણાવ્યું હતુ કે અગાઉની સરકારમાં લંગડી વીજળી મળતી હતી, ટ્રાન્સફોર્મર બળી જતાં હતા, આજે લંગડી વીજળીના દિવસો ભૂતકાળ બની



સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતી સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોનો વધઘટ કેમ્પ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદ ચૌધરીના માર્ગદર્શન હેઠળ શેઠ કે.ટી. હાઈસ્કૂલ હોલમાં ખેડબ્રહ્મા ખાતે યોજાઈ ગયો. પ્રથમવાર અંતરિયાળ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક વિભાગમાં ૧૦૦ શિક્ષકની ભરતી થઈ અને વર્ષોની ઘટ પુરાઈ જેનો લાભ છેવાડાના વિસ્તારના બાળકોને થશે. કેમ્પમાં બંને સગઠનના હોદેદાર હાજર રહ્યા. શિક્ષણ સમિતિનો સ્ટાફ હાજર રહ્યો. સમગ્ર આયોજનમાં ખેડબ્રહ્મા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદેદાર સુરેશભાઈ, દિનેશભાઈ, અમિતભાઈ, મનુભાઈ તથા તાલૂકા પ્રાથમિક શિક્ષક અને બીઆરસી પિયુષભાઈ જોશી હાજર રહ્યા હતા.

# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી ધ્વારા જનરલ વધઘટનો બદલી કેમ્પ યોજાયો

## ખેડબહ્મા ખાતે યોજાયેલ બદલી કેમ્પમાં ૧૪૦ શિક્ષકોને ધો.૫ થી ૮ માં મુકાયા : જિલ્લામાં ધો.૧ થી ૫ ના વર્ગોની તમામ જગ્યાઓ ભરી દેવાઈ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાને લઈને અત્યાર સુધી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ છે ત્યારે રાજ્ય સરકારે વિધાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે ઓનલાઈન શિક્ષણ પધ્ધતિને માન્યતા આપી હતી. જોકે જિલ્લામાં કેટલેક ઠેકાણે ધો.૧ થી ૫ અને ધો.૬ થી ૮ માં કેટલીક જગ્યાઓ ખાલી હોવાને લઈને વિધાર્થીઓ તથા વાલીઓને શિક્ષકો વગર ચિંતા થતી હતી. દરમિયાન મંગળવારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી ધ્વારા ખેડબહ્માની કે.ટી. હાઈસ્કૂલમાં એક દિવસીય શિક્ષકો માટે જનરલ વધઘટના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એચ. એચ. ચોધરીના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં ચાલતી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ અંદાજે ૪૧૨૧ નું છે. જેથી મંગળવારે યોજાયેલા જનરલ વધઘટના કેમ્પ બાદ જિલ્લામાં એકપણ જગ્યા ખાલી રહેતી નથી જેના લીધે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ભણતા ભાવિ નાગરિકોને તેમના પાયાના શિક્ષણમાં કચાસ રહેશે નહી. જોકે જિલ્લામાં ગત વર્ષથી શરૂ થયેલી શિક્ષણ પધ્ધતિના ફેરફારને લીધે ધો.૦૬ થી ૮ ના વર્ગોને અલગ કરવામાં આવ્યા છે.

તેના ભાગરૂપે મંગળવારે ખેડબહ્મા ખાતે યોજાયેલ જનરલ બદલી કેમ્પ દરમિયાન લગભગ ૧૪૦ શિક્ષકોને ધો.૬ થી ૮ ના વગમાં શિક્ષણ કાર્ય કરવા માટે બદલીના આદેશ કરી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે એક વર્ષ અગાઉ યોજાયેલ બદલી કેમ્પ બાદ ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ ધ્વારા અપાયેલ સુચનાના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં બદલી કેમ્પ યોજાયો હતો. જોકે હવે પછી જ્યારે પણ ખાલી જગ્યાઓ પડશે અને શિક્ષકો વધમાં આવશે તો તેમના માટે રાજ્ય સરકારની સુચના બાદ બદલી માટેના કેમ્પ યોજી શકાશે.